Criminal Case No: CC/48033/2021

**આંક-૧ લગત હુકમ**

સદરહુ કામમાં પોલીસ દ્બારા દાખલ કરવામાં આવેલ ચાર્જશીટ તથા પેપર્સ વંચાણે લીધા. આ કેસમાં તપાસ કરનાર અધિકારી દ્બારા આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા કલમ ૧૮૮ મુજબ દાખલ કરવામાં આવેલ ફસ્ટ ઇન્ફોરમેશન રીપોર્ટ ના આધારે તપાસ કરી ચાર્જશીટ કરવામાં આવેલ છે. ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮, ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ મુજબ કોગ્નીજીબલ ગુનો છે. પરંતુ ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ ૧૯૫ ધ્યાને લેતા, ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૨ થી ૧૮૮ મુજબના ગુનાઓ માટે સંબંધિત રાજ્ય સેવક/અધિકારી કે વહીવટ તરીકે તેમના ઉપરના અધિકારી લેખિતમાં ફરિયાદ કોર્ટમાં દાખલ ન કરે ત્યાં સુધી કોર્ટ કોગ્નીજન્સ લઇ શકતી નથી. સદરહુ કેસમાં પોલીસ દ્બારા જે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ, તેમાં આરોપી વિરૂધ્ધ કરેલ આક્ષેપ મુજબ પોલીસ કમીશનર ના જાહેર નામા નો ભંગ થયેલ છે. પરંતુ આ કેસમાં પોલીસ કમીશનર શ્રી કે તેમના ઉપરના અધિકારી દ્બારા કોર્ટ માં લેખિત ફરીયાદ દાખલ કરવામાં આવેલ નથી.

દોલતરામ વિરૂધ્ધ પંજાબ રાજ્ય એ.આઇ.આર ૧૯૬૨ એસ.સી.સી ૧૨૦૬ માં નામદાર સુપ્રીમ કોર્ટ દ્બારા એવુ ઠરાવવામાં આવેલ છે. મેજીસ્ટ્રેટ દ્બારા પોલીસ રીપોર્ટ ના આધારે લેવામાં આવેલ કોગ્નીજન્સ માં આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય અને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ ૧૯૫ ની જોગવાઇ લાગુ પડતી હોય, તો તેવો હુકમ મેજીસ્ટ્રેટ ની હકુમત વગર ગણાય અને તે કાર્યવાહી વોઇડ–અબ–ઇનીશીયો થઇ જાય.

તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્બારા રામજી ભીખા કોલી વિરૂધ્ધ ગુજરાત રાજ્ય, ૧૯૯૯ સી.આર.એલ.જે ૧૨૪૪ માં એવુ ઠરાવેલ છે કે કોર્ટમાં ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ ૧૯૫ માં જણાવેલ ગુનાઓમાં લેખિત ફરિયાદ મેજીસ્ટ્રેટ રૂબરૂ દાખલ કરવી ફરજીયાત છે અને નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્બારા આ કેસમાં આરોપી સામેનો કેસ ખારીજ કરી, ફરિયાદ પક્ષને નવી રીતે કાયદા મુજબ કાર્યવાહી કરવાની સ્વતંત્રતા આપેલી.

નામદાર પટના હાઇકોર્ટ દ્બારા બીજો યાદવ વિરૂધ્ધ બિહાર રાજ્ય (૨૦૦૬) સુપ્રીમ (પટના) ૧૧૧૬ માં એવુ ઠરાવેલ છે કે જે રાજ્ય સેવક/અધિકારીના હુકમ નો ભંગ થયેલ હોય તેજ રાજ્ય સેવક/અધિકારીકે તેમના વહીવટ તરીકે ઉપરના અધિકારી ભારતીય દંડ સંહિતા કલમ ૧૮૮ મુજબ ની લેખિત ફરિયાદ કોર્ટમાં કરી શકે છે અને તે રાજ્ય સેવક/અધિકારી તેમના તાબા હેઠળના અધિકારી ને ફરિયાદ દાખલ કરવા અધિકૃત પણ કરી શકે નહી.

ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ ૧૯૫ અને ઉપર મુજબના ચુકાદાને ધ્યાને લેતા મારૂ માનવુ છુ કે ભારતીય દંડ સંહિતા ની કલમ ૧૮૮ માં પોલીસ ચાર્જશીટ ન કરી શકે તથા કોર્ટ ચાર્જશીટને ફરિયાદ તરીકે પણ ન લઇ શકે. આ કેસમાં કોર્ટ દ્બારા આરોપી સામે કોગ્નીજેન્સ લેવામાં આવેલ નથી. તેમજ કોઇ પ્રોસેસ કાઢવામાં આવેલ નથી. પોલીસ દ્બારા આ કેસમાં કોગ્નીજેબલ ગુનો હોવા છતા દાખલ ચાર્જશીટ ઉપર કોગ્નીઝન્સ લેવા કાયદાકીય બાધ નડતો હોય, આ ચાર્જશીટના આધારે કોઇ કોર્યવાહી કરવાની રહેતી નથી અને ચાર્જશીટને દફતરે કરવાનો હુકમ કરવમાં આવે છે.

તારીખઃ–૩૧/૦૫/૨૦૨૧
સ્થળઃ–સુરત

(કુ. યોગીતા શર્મા)
૮માં અધિક સીવીલ જજ અને
જ્યુ.મેજી.ફ.ક.,સુરત
જજ કોડ નં. જીજે–૦૧૫૨૯